# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સને ભારતનો મહત્વપૂર્ણ દરિયાઈ પડોશી અને 'વિઝન મહાસાગર'નો મુખ્ય ભાગીદાર ગણાવ્યો.
2. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાતમાં સહકારીતા આધારિત ટેક્સી સેવા 'ભારત ટેક્સી' નો પ્રારંભ કરાવ્યો.
3. સેશેલ્સે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને સમર્થન આપ્યું.
4. ભારતે પરમાણુ રિએક્ટરમાંથી ઉત્પન્ન થતી ઉષ્માનો ઉપયોગ કરીને વિશ્વની પ્રથમ હાઇડ્રોજન ઉત્પાદન સુવિધા વિકસાવી.
5. અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ પીએમ મોદીના નેતૃત્વ અને ભારતના આર્થિક વિકાસની પ્રશંસા કરી.

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM--DEPARTURE-STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે સેશેલ્સની 3 દિવસની મુલાકાતે રવાના થયા છે. આ મુલાકાત દરમિયાન શ્રી મોદી સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતીના સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ભાગ લેશે. તેમના પ્રસ્થાન નિવેદનમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે સેશેલ્સ એક મૂલ્યવાન દરિયાઈ પડોશી છે અને ભારતના વિઝન મહાસાગર અને ગ્લોબલ સાઉથ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતામાં મુખ્ય ભાગીદાર છે.

શ્રી મોદીએ કહ્યું કે તેઓ સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ , પ્રગતિ અને સમૃદ્ધિ માટે સહયોગ વધારવા અંગે ચર્ચા કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (BYTE: AKSHIT-PM-VISIT)

# BHARAT TAXI LAUNCHED- AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે  ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગુજરાતના 14  મુખ્ય શહેરોમાં સહકારી આધારિત ટેક્સી સેવા 'ભારત ટેક્સી'નો પ્રારંભ કરાવ્યો.

કેન્ર્રી'ુય ગૃહમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, ભારત ટેક્સીના સાથે જોડાયેલા સાથી ભારત ટેક્સીના માલિક છે.

ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહ આ સાથે અન્ય પહેલો પણ શરૂ કરવશે અને વિવિધ સમીક્ષા બેઠકોની અધ્યક્ષતા પણ કરશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓ અને 4  હજારથી વધુ ડ્રાઇવરો એ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

(BYTE: AMIT SHAH ON BHARAT TAXI)

# VP-MSME DAY

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને કહ્યું કે વિશ્વભરમાં કોઈપણ અર્થતંત્રની ક્ષમતા તેના MSME ક્ષેત્રના યોગદાનમાં રહેલી છે.

આજે નવી દિલ્હીમાં MSME દિવસ 2026 પર એક કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે ભારતમાં, MSME ક્ષેત્ર પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકોની હિંમત અને ઉદ્યોગસાહસિક ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. ઉપરાષ્ટ્રપતિએ નોંધ્યું કે આ ક્ષેત્ર દેશના કુલ નિકાસમાં લગભગ 50 ટકા યોગદાન આપે છે. સાથે સાથે ઉચ્ચ ગુણવત્તાના ધોરણો સતત જાળવી રાખે છે. તેમણે ઉદ્યોગસાહસિકોને ઉત્પાદકતા, ઉત્પાદન અને ગુણવત્તાને વધુ વધારવા માટે આધુનિક ટેકનોલોજી અપનાવવા પણ અપીલ કરી છે.

# SEYCHELLES UNSC INDIA

સેશેલ્સે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને સમર્થન આપ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સેશેલ્સની મુલાકાત પહેલા, વિદેશ મંત્રી બેરી ફૌરે કહ્યું કે વર્તમાન વૈશ્વિક વ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારાની જરૂર છે. તેમણે કહ્યું ભારત તેની વિશાળ વસ્તી, વધતા વૈશ્વિક પ્રભાવ અને શાંતિ સ્થાપના તથા દરિયાઈ સુરક્ષા અને બહુપક્ષીય રાજદ્વારીમાં યોગદાનને કારણે સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ મેળવવાને પાત્ર છે. ભારત અને સેશેલ્સ વચ્ચેના સંબંધોને મજબૂત અને ઐતિહાસિક ગણાવતા શ્રી બેરી ફૌરે કહ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીની મુલાકાત બંને દેશો વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MIZORAM SIR

વિશેષ સઘન સુધારણા ઝુંબેશ - SIR હેઠળ મતગણતરી ફોર્મનું 100% ડિજિટાઇઝેશન હાંસલ કરનાર 16 રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં મિઝોરમ પ્રથમ રાજ્ય બન્યું છે. ચૂંટણી પંચે 28 જૂન સુધીની સમયમર્યાદા નક્કી કરી હતી. મિઝોરમે સમયમર્યાદાના ત્રણ દિવસ પહેલા આ સીમાચિહ્ન હાંસલ કર્યું. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ જણાવ્યું હતું કે ડિજિટાઇઝેશન પ્રક્રિયા ગુરુવારે સાંજે પૂર્ણ થઈ ગઈ હતી. 30 મેથી, રાજ્યમાં 1 હજાર 301 બૂથ-સ્તરના અધિકારીઓ ગણતરી કાર્ય માં રોકાયેલા છે.

2005માં છેલ્લા SIR દરમિયાન મિઝોરમમાં 5 લાખ 59 હજારથી વધુ મતદારો હતા. 2025માં, આ સંખ્યા વધીને 8 લાખ 75 હજારથી વધુ થઈ ગઈ છે.

# HYDROGEN FACILITY-NUCLEAR

ભારતે પરમાણુ રિએક્ટરમાંથી ઉત્પન્ન થતી ઉષ્માનો ઉપયોગ કરીને વિશ્વની પ્રથમ હાઇડ્રોજન ઉત્પાદન સુવિધા વિકસાવી છે.

ઊર્જા વિભાગના સચિવ અજિત કુમાર મોહંતીએ તમિલનાડુના કલ્પક્કમમાં ઇન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ ખાતે વિશ્વની પ્રથમ હાઇડ્રોજન ઉત્પાદન સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. પ્રસ્તુત છે એક અહેવાલ

(BYTE: SHIVANG-HYDROGEN-ENERGY)

# RUBIO PM MODI

અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે ભારતે નોંધપાત્ર આર્થિક પ્રગતિ કરી છે અને વૈશ્વિક મંચ પર તેની ભૂમિકા સતત મજબૂત થઈ રહી છે.

વ્હાઇટ હાઉસ ખાતે એક સમાચાર એજન્સીને આપેલા ઇન્ટરવ્યુમાં શ્રી રુબિયોએ કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્ર ભારતને અમેરિકાનો સૌથી નજીકનો વ્યૂહાત્મક ભાગીદાર માને છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેના ગાઢ સંબંધો બંને દેશો વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવવામાં મદદ કરી રહ્યા છે.

શ્રી રુબિયોએ કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર , સપ્લાય ચેઇન, મહત્વપૂર્ણ ખનિજો , ઊર્જા, સુરક્ષા અને પરિવહનની સ્વતંત્રતા જેવા ક્ષેત્રોમાં સહયોગ સતત વધી રહ્યો છે. તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવામાં ભારતીય-અમેરિકન સમુદાયના યોગદાનની પણ પ્રશંસા કરી.

# APEDA - MANGOES EXPORT

કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ નિકાસ વિકાસ સત્તામંડળે મધ્યપ્રદેશથી સંયુક્ત આરબ અમીરાતમાં GI-ટેગવાળી રેવા સુંદરજા કેરીની પ્રથમ વ્યાપારી નિકાસ કરી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે એક મેટ્રિક ટન પ્રીમિયમ ગુણવત્તાવાળી કેરીનો પ્રથમ કન્સાઇન્મેન્ટ મોકલવામાં આવ્યું , આ વૈશ્વિક બજારમાં ભારતના અનન્ય કૃષિ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર , આનાથી રેવાના કેરી ઉત્પાદકોને ફાયદો થશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતના વિશિષ્ટ કૃષિ ઉત્પાદનોને નવી ઓળખ મળશે.

# US-VANCE-IRAN.RTF

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે ઈરાનને ચેતવણી આપી છે કે જો તે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરશે અથવા ભવિષ્યમાં કોઈ આક્રમક કાર્યવાહી કરશે, તો અમેરિકા, લશ્કરી કાર્યવાહી દ્વારા જવાબ આપશે. તેમણે જણાવ્યું હતું કે ઈરાને યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને અમેરિકા તેનું પાલન કરી રહ્યું છે. કોઈપણ વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા લાવવો જોઈએ.

અમેરિકી લશ્કરના સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ જણાવ્યું હતું કે અમેરિકી દળોએ ઈરાની મિસાઈલ અને ડ્રોન સ્ટોરેજ સુવિધાઓ તેમજ દરિયાકાંઠાના રડાર સ્થાપનો પર હુમલો કર્યો હતો. સેન્ટકોમના જણાવ્યા અનુસાર , હોર્મુંઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કાર્ગો જહાજ પર કથિત ઈરાની ડ્રોન હુમલાના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ઓમાનના અખાત નજીક કાર્ગો જહાજ પરના હુમલાથી આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગની સુરક્ષા અંગે ચિંતાઓ ઉભી થઈ છે.